# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૨૩/૧૧/૨૦૨૧

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## સુરતના ઉદ્યોગકારોને વિયેતનામમાં ટેકસટાઇલમાં ફેબ્રિક–યાર્ન માટે તથા કેમિકલ અને ફાર્માસ્યુટીકલ ક્ષેત્રે એકસપોર્ટની તેમજ રોકાણની ઉત્તમ તકો

### વિયેતનામની ગારમેન્ટ ઇન્ડસ્ટ્રી માટે ફેબ્રિક સપ્લાય કરવાની સુરતને અમૂલ્ય તક

### ચેમ્બર, ઉદ્યોગકારોને ઇમ્પોર્ટ–એકસપોર્ટ માટેની વિસ્તૃત માહિતી પૂરી પાડતી ઇ–કોમર્સ વેબસાઇટની જાણકારી પણ આપશે

### ચેમ્બર દ્વારા વિયેતનામમાં નિર્યાતકારોને શીપમેન્ટ વિલંબ માટે પડતી મુશ્કેલી સંદર્ભે વિયેતનામના એમ્બેસેડરને રજૂઆત કરવામાં આવી

### ચેમ્બર અને એમ્બેસી ઓફ ધી સોશિયલીસ્ટ રિપબ્લીક ઓફ વિયેતનામ દ્વારા 'એકસ્પ્લોર વિયેતનામ' વિશે સેમિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને એમ્બેસી ઓફ ધી સોશિયલીસ્ટ રિપબ્લીક ઓફ વિયેતનામના સંયુકત ઉપક્રમે મંગળવાર, તા. ૨૩ નવેમ્બર, ૨૦૨૧ના રોજ બપોરે ૨:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'એકસ્પ્લોર વિયેતનામ' વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એમ્બેસી ઓફ ધી સોશિયલીસ્ટ રિપબ્લીક ઓફ વિયેતનામના એમ્બેસેડર ફામ સાહ ચાઉ, ડેપ્યુટી ચીફ ઓફ

મિશનના મિનિસ્ટર કાઉન્સેલર ડો. ડુ થાન્હ હાય, ફોરેન ઇન્વેસ્ટમેન્ટ એજન્સીના ઇન્વેસ્ટમેન્ટ પ્રમોશન ઓફિશિયલ ત્રાન વિયેત ડુન્ગ અને વિયેતનામ એમ્બેસીના સેકન્ડ સેક્રેટરી ડુ ડાય ખાન્હ ઉપસ્થિત રહયા હતા. એશિયા ડીએમસીના ડાયરેકટર બી. સુભાષ ચાંડર પણ વિયેતનામથી ઓનલાઇન સેમિનારમાં જોડાયા હતા.

ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ જણાવ્યું હતું કે, વિયેતનામ ર૦.૮ બિલીયન યુએસ ડોલરની ટેકસટાઇલ પ્રોડકટ ઇમ્પોર્ટ કરે છે. એમાં ૪૬ ટકા પ્રોડકટ ચાઇનાથી અને ૧૭ ટકા પ્રોડકટ સાઉથ કોરીયાથી આવે છે. ડિસેમ્બર ર૦ર૧ પછી વિયેતનામે ભારતથી થતા એકસપોર્ટ ઉપર પણ ઝીરો ટકા ડયૂટી રાખવી પડશે. આથી હવે સુરત એમએમએફ એકસપર્ટાઇઝનો ઉપયોગ કરી શકે છે અને વધુમાં વધુ એકસપોર્ટ વિયેતનામમાં કરી શકે છે. વિયેતનામ, ચાઇના પરની નિર્ભરતા ઘટાડે તો દક્ષિણ ગુજરાત અને વિયેતનામને ઘણો ફાયદો થઇ શકે છે.

હાલમાં ટેકસટાઇલ ઇમ્પોર્ટની દૃષ્ટિએ વિયેતનામમાં ભારતનો રેન્ક આઠમો છે, જેને સુધારવાની તક મળી છે. ટેકસટાઇલ ક્ષેત્રે દ્વિપક્ષીય વેપાર જે હાલમાં પણ માત્ર ૩૦૦ મિલીયન યુએસ ડોલરનો થાય છે તેની જગ્યાએ પાંચ બિલિયન યુએસ ડોલરનું એકસપોર્ટ કરવાનું પોટેન્શીયલ છે. એમાંથી મોટાભાગનું એકસપોર્ટ સુરત કરી શકે છે. પોલીએસ્ટર યાર્ન માટે વિયેતનામ સંપૂર્ણપણે ચાઇના ઉપર નિર્ભર છે અને તેમાં સુરતના ઉત્પાદકો સ્પર્ધાત્મક ભાવે વિયેતનામને માલ આપી શકે છે. આ ઉપરાંત સુરતમાં વર્લ્ડ કલાસ લેવલના ટેકસટાઇલ પ્રોસેસિંગ એકમો આવેલા છે. જ્યાં વિયેતનામ પ્રોસેસ કરીને માલને ભારતથી ફરી આયાત કરી શકે છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા ઉદ્યોગકારોને ઇમ્પોર્ટ–એકસપોર્ટ માટેની વિસ્તૃત માહિતી પૂરી પાડતી ઇ–કોમર્સ વેબસાઇટની જાણકારી આપવામાં આવશે. તદ્‌ઉપરાંત દક્ષિણ ગુજરાતના નિર્યાતકારોને વિયેતનામમાં શીપમેન્ટ વિલંબ માટે પડતી મુશ્કેલીના નિવારણ માટે તેમણે વિયેતનામના એમ્બેસેડરને રજૂઆત પણ કરી હતી.

એમ્બેસી ઓફ ધી સોશિયલીસ્ટ રિપબ્લીક ઓફ વિયેતનામના એમ્બેસેડર ફામ સાહ ચાઉએ જણાવ્યું હતું કે, સુરતના ઉદ્યોગકારોને ટેકસટાઇલ, કેમિકલ અને ફાર્માસ્યુટીકલ ક્ષેત્રે ટ્રેડ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ કરવાની સારી તકો છે. વિયેતનામમાં ટેકસટાઇલ માટે ખૂબ જ મોટું માર્કેટ ઉપલબ્ધ છે અને તેઓ ચાઇનાનો વિકલ્પ શોધી રહયા છે. ટેકસટાઇલ માટે અત્યાર સુધી ચાઇનાથી રો મટિરિયલ વિગેરે આયાત થતું હતું પણ હવે તેઓ ભારતમાંથી આયાત કરવા માગે છે.

કેમિકલ ક્ષેત્રે મેન્યુફેકચરીંગ અને પ્રોસેસિંગ માટે એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી કંપનીઓ શોધી રહયા છે. વિયેતનામમાં ફાર્મા પાર્ક ડેવલપ થઇ રહયો છે. જ્યાં અમેરિકન ફાર્મા કંપનીઓએ પણ રોકાણ કર્યું છે. આથી દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારોને ફાર્મા પાર્કમાં રોકાણ કરવા માટે આમંત્રણ આપ્યું હતું. વધુમાં તેમણે કહયું કે, સુરતના ઉદ્યોગકારોને ઇમ્પોર્ટ – એકસપોર્ટ માટે જે મુશ્કેલીઓ પડી રહી છે તેના માટે પણ તેમના દ્વારા વિયેતનામના પ્રધાનમંત્રી સાથે વાર્તાલાપ કરીને નિવારણ લાવવામાં આવશે.

ડેપ્યુટી ચીફ ઓફ મિશનના મિનિસ્ટર કાઉન્સેલર ડો. ડુ થાન્હ હાયે વિયેતનામ ઇન્વેસ્ટમેન્ટ પોલિસીઝ એન્ડ સ્ટ્રેટેજીસ વિશે પ્રેઝન્ટેશન રજૂ કરી વિયેતનામ ઇકોનોમીની આંકડાકીય માહિતી આપી હતી. તેમણે ઈન્ફોર્મેશન ટેકનોલોજી, કોફી મેન્યુફેકચરીંગ અને પ્રોસેસિંગ, સોલાર એનર્જી, ઇલેકટ્રોનિકસ અને રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ

ક્ષેત્રે પણ રોકાણ કરવાની તકો વિશે વિસ્તૃત ચર્ચા કરી પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશિપ માટે પ્રયાસ કરવામાં આવી રહયા હોવાનું જણાવ્યું હતું.

વિયેતનામ એમ્બેસીના સેકન્ડ સેક્રેટરી ડુ ડાય ખાન્હ દ્વારા ટ્રેડ ઓપોર્ચ્યુનિટીઝ વિશે માહિતી આપવામાં આવી હતી. જ્યારે સેમિનારમાં ઓનલાઇન જોડાયેલા એશિયા ડીએમસીના ડાયરેકટર બી. સુભાષ ચાંડરે વિયેતનામમાં ટુરીઝમ ક્ષેત્રે વેડીંગ અને હોલિડે માટે ફરવાલાયક સ્થળો વિશે માહિતી આપી હતી.

ચેમ્બરના માનદ્ મંત્રી દીપકકુમાર શેઠવાલાએ સેમિનારનું સમગ્ર સંચાલન કર્યું હતું. ચેમ્બરના ગૃપ ચેરમેન અમિષ શાહ અને ચેમ્બરની કોન્સ્યુલેટ લાયઝન/ઇન્ટરનેશનલ બિઝનેસ ડેલીગેશન કમિટીના ચેરમેન હર્ષલ ભગતે પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના ઉપપ્રમુખ હિમાંશુ બોડાવાલાએ સર્વેનો આભાર માની સેમિનારનું સમાપન કર્યું હતું.